| KTG-3 |
|---|

| રોલ નંબર | |
|---|---|

**સમય: ૧૨૦ મિનિટ  મહત્તમ ગુણ: ૧૦૦**

**D**
પ્રશ્નપુસ્તિકા કોડ

## અગત્યની સૂચનાઓ :

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહિ.** પરીક્ષા સમય પુરો થઇ ગયા બાદ ઉમેદવારે **ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા** અને ઉત્તરપત્ર (OMR SHEET) જે તે નિરીશકને ફરજીયાત સોંપી દેવું. કોઇપણ સંજોગોમાં **પ્રશ્નપુસ્તિકા** અને ઉત્તરપત્ર (OMR SHEET) પરીક્ષાખંડની બહાર લઇ જવુ નહીં. ભવિષ્યમાં આન્સર કી ચેક કરવા માટે ઉમેદવારે પોતાનો પ્રશ્નપુસ્તિકા કોડ યાદ રાખવાનો રહેશે.

## અન્ય સૂચનાઓ:

1. આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. પ્રશ્નોના ઉત્તર તમને આપવામાં આવેલ ઉત્તરપત્ર (OMR SHEET) માં જ આપવાના છે.
2. દરેક પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો A,B,C અને D આપવામાં આવેલ છે. દરેક પ્રશ્નનો ઉત્તર A,B,C અને D પૈકી કોઈ એક છે. ઉદાહરણ તરીકે ભારતના વડાપ્રધાન કોણ છે ?
   (A) મનમોહનસિંહ (B) નરેન્દ્ર મોદી (C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે
   ઉત્તરપત્ર (OMR SHEET) માં
   Ⓐ ● Ⓒ Ⓓ Ⓔ
   ઉપયુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B" નું વર્તુળ ઘાટ્ટું કરેલ છે.
   ઉમેદવારે જે સવાલનો જવાબ આપવા માંગતા ના હોય તો સવાલની સામે આપેલ બબલમાંથી "E" બબલ ઘાટ્ટું કરવું, બબલ "E" સાથે અન્ય કોઈ જવાબનું બબલ પણ ઘાટ્ટુ કરેલ હશે તો તે જવાબ ખોટો ઠરશે.
3. OMR પદ્ધતિથી ઉત્તરવાહીનાં મૂલ્યાંકન માટે સાચાખોટા જવાબ, એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક કે એક કરતા વધુ વિકલ્પ માટે પ્રત્યેક જવાબ દીઠ ૦.૨૫ ગુણ કાપવામા આવશે. પરંતુ, જો ઉમેદવાર જવાબ આપવા માગતા ન હોય અને ઉત્તરપત્ર (OMR SHEET) માં વિકલ્પ (E) ડાર્ક કરશે તો તેના ૦.૨૫ ગુણ કાપવામા આવશે નહિ.
4. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો, પાનાના નીચેના ભાગમાં તમારું નામ લખો અને સહી કરો. ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક નંબર લખવો નહીં. ઉત્તરપત્ર (OMR SHEET) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજીયાત છે. બંને સહી વિનાની ઉત્તરપત્ર (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.
5. પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે. ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.
6. કોઈપણ સંજોગોમા સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
7. કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમા પ્રશ્નો / પૃષ્ઠો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઇ ફરક હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ કામ ઉમેદવારે પરીક્ષા શરૂ થયાની શરૂઆતની પાંચ મિનિટમાં કરવાનું રહેશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
8. ઉત્તરપત્ર (OMR SHEET) અને પ્રશ્નપુસ્તિકાની અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. કાચુ કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
9. પરીક્ષાના જવાબોમાં ઓળખ સુચક કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.
10. ઉત્તરપત્ર (OMR SHEET) માં ઉમેદવારે માત્ર કાળી બોલ પોઇંટ પેન જ વાપરવી. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.
11. ઉમેદવારે પરીક્ષાખંડમાં/હોલમાં કોલલેટર સિવાય કોઈપણ પ્રકારના હસ્તલિખિત, છાપેલ પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, કેલ્ક્યુલેટર, મોબાઇલ ફોન, સેલફોન કે કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનીક સાધનો લઇ જવાના કે ઉપયોગ કરવાની મનાઈ છે. જો કોઈ ઉમેદવાર તેમ કરતા માલુમ પડશે તો તેઓને ગેરલાયક ઠેરવવામાં આવશે.

ઉમેદવારની સહી: ______________          નિરીક્ષકની સહી: ________________

ઉમેદવારનું નામ: _____________          નિરીક્ષકનું નામ: ________________

| | |
|---|---|
| 1 | માનવ શરીરમાં ઓક્સિજનનું વાહક કોણ હોય છે?<br>(A) હિમોગ્લોબિન (B) હ્રદય<br>(C) મગજ (D) ચામડી |
| 2 | બસની પાછળ આવતા વાહન માટે કેટલા બેલ મારી કંડક્ટર ડ્રાઈવર ને સંજ્ઞા આપે છે?<br>(A) ત્રણ (B) દસ<br>(C) એક (D) છ |
| 3 | એસ.ટી બસમાં પાછળના ભાગે રૂટબોર્ડ લગાડવાની જ્વાબદારી કોની ગણાય છે?<br>(A) હેલ્પરની (B) ડ્રાઇવરની<br>(C) કન્ડકટરની (D) ઉપરોક્ત બધાની |
| 4 | હેલ્મેટ પેહર્યા વગર મોટર સાઇકલ હંકારનાર સામે કઇ કલમમાં ગુનો બને છે?<br>(A) કલમ 177 (B) કલમ 187<br>(C) કલમ 178 (D) કલમ 129 |
| 5 | અકસ્માત સમયે પંચનામું કોને કરવાનું હોય છે ?<br>(A) પોલીસે (B) ડેપો મેનેજરે<br>(C) ટ્રાફિક કંટ્રોલર (D) સિપાહી |
| 6 | કઈ ક્રિયામાં શરીરને સૌથી વધુ પ્રાણવાયુ ની જરૂર પડે છે ?<br>(A) ઊંઘવાની (B) જમવાની<br>(C) દોડવાની (D) વાંચવાની |
| 7 | નશાયુક્ત હાલતમાં વાહન હંકારનારના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ કેટલું હોવું જરૂરી છે?<br>(A) દર 100 મિલીલીટર માં 100 મિલીગ્રામથી વધુ<br>(B) દર 100 મિલીલીટર 80 મિલીગ્રામથી ગ્રામથી વધુ<br>(C) દર 100 મિલીલીટર 30 મિલીગ્રામથી ગ્રામથી વધુ<br>(D) દર 100 મિલીલીટર 30 મિલીગ્રામથી ગ્રામથી ઓછું |
| 8 | ટ્રાન્સપોર્ટ વાહન હંકારવાનું લાઇસન્સ મેળવવા માટેનું કેન્દ્ર સરકારે શું ઠરાવેલુ છે?<br>(A) ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત દસ પાસ (B) પુરુષ ઉમેદવાર જ હોવો જોઈએ<br>(C) ઉંમરની લાયકાત ઠરાવેલ છે (D) ઠરાવતી કોઈ જોગવાઈ નથી |
| 9 | હાડકા અને દાંતમાં કયો રાસાયણિક પદાર્થ રહેલો છે ?<br>(A) કેલ્શિયમ સલ્ફેટ (B) કેલ્શિયમ ફોસ્ફેટ<br>(C) કેલ્શિયમ બોરેટ (D) કેલ્શિયમ ક્લોરાઇડ |
| 10 | ભયજનક રીતે વાહન હંકારવું એ કઈ કલમ નીચે શિક્ષાપાત્ર ગુનો છે.<br>(A) કલમ 201 (B) કલમ 184<br>(C) કલમ 203 (D) કલમ 23 |

| | |
|---|---|
| 11 | કમ્પ્યૂટરમાં વીજપ્રવાહ ચાલુ કરતાં થતી પ્રક્રિયાને______કહે છે.<br>(A) બુટીંગ (B) પ્રોસેસિંગ<br>(C) લોગ-ઓન (D) રેકોર્ડીંગ |
| 12 | સ્લાઈડ શોને સમય પ્રમાણે ગોઠવવા માટે કયો વિકલ્પ પસંદ કરશો?<br>(A) Timing (B) Rehearse Timing<br>(C) Scheduling (D) Time Setting |
| 13 | HTML કલરકોડ 'FF0000'માં ક્યા રંગને કઈ કિંમત આપવામાં આવેલ છે ?<br>(A) Red=00 Green=FF Blue=00 (B) Red=FF Green=00 Blue=00<br>(C) Red= FF0000 Green=FF0000 Blue= FF0000 (D) Red=00 Green=00 Blue=FF |
| 14 | switch માળખામાં______ વિધાનનો ઉપયોગ બિનશરતી રીતે વિધાનોના વિભાગની બહાર પ્રવાહને સ્થાનાંતર કરવા માટે થાય છે.<br>(A) exit (B) break<br>(C) loop (D) stop |
| 15 | કેવા પ્રકારનાં નેટવર્ક ટોપોલોજીમાં એક કમ્પ્યુટર નેટવર્કના અન્ય તમામ કમ્પ્યુટર સાથે અલગ જોડાણ હોય છે?<br>(A) રીંગ ટોપોલોજી (B) બસ ટોપોલોજી<br>(C) સ્ટાર ટોપોલોજી (D) મેશ ટોપોલોજી |
| 16 | કેલ્સી સેલમાં સેલ સ્થાનાંકને નિરપેક્ષ બનાવવા માટે ______ ચિન્હનો ઉપયોગ કરવામાં આવે છે.<br>(A) ! (B) $<br>(C) # (D) > |
| 17 | ______કેબલ ઈન્ટરનેટ માટે સૌથી વધારે ઝડપી સેવા આપે છે.<br>(A) Coaxial Cables (B) Optical Fibre Cable<br>(C) Satellite (D) Simple Cable |
| 18 | જો એરેનું કદ દર્શાવેલ નહિ હોય, તો ______ આપમેળે છગડિયા કૌંસ – { } ની અંદર આપેલ કિંમતોની સંખ્યા ગણીને નક્કી કરી લેશે.<br>(A) C ભાષા (B) પ્રોગ્રામર<br>(C) કમ્પાઈલર (D) આપેલ તમામ |
| 19 | valign ગુણધર્મની સામાન્ય વાક્યરચના ______છે.<br>(A) valign="position" (B) valign="character"<br>(C) valign="settlement" (D) valign="side" |
| 20 | ખાલી જગ્યાની ASCII કિંમત ______ છે.<br>(A) 2 (B) 32<br>(C) 42 (D) 52 |
| 21 | કાર્ય જે ક્રમમાં કરવાનું હોય તે દર્શાવવા માટે______ ચિહ્નનો ઊપયોગ થાય છે.<br>(A) ટર્મીનલ (B) એરો<br>(C) ઈનપુટ-આઉટપુટ (D) પ્રોસેસ |

| | | |
|---|---|---|
| 22 | કમ્પ્યૂટરની કુલ કેટલી પેઢીઓ છે? | |
| | (A) ત્રણ | (B) પાંચ |
| | (C) છ | (D) સાત |
| 23 | નીચે પૈકી ______ નિવેશ/પ્રવેશ નિયંત્રણ લૂપ છે. | |
| | (A) for | (B) while |
| | (C) do.....while | (D) A તથા B બન્ને |
| 24 | નીચે પૈકી ______ વિધેય નાણાકીય વિધેય છે. | |
| | (A) NPER | (B) LN |
| | (C) EXP | (D) FACT |
| 25 | ClipBoardમાં વધુમાં વધુ કેટલી Clip સંગ્રહ કરી શકાય છે? | |
| | (A) 16 | (B) 24 |
| | (C) 36 | (D) 12 |
| 26 | $f(x)$ ટૂલ બટન અને $\sum$ બટન કેલ્સી માં કયા બાર પર જોવા મળે છે ? | |
| | (A) સ્ટાન્ડર્ડ ટૂલબાર | (B) મેનૂ બાર |
| | (C) ફોર્મેટિંગ ટૂલબાર | (D) ફોર્મ્યુલા બાર |
| 27 | switch વિધાન ______ ની અવેજી પૂરી પડે છે. | |
| | (A) if | (B) if....else |
| | (C) else....if ladder | (D) nested...if |
| 28 | HTMLમાં "<!--" અને "-->" ટેગની વચ્ચે લખેલ લખાણને ______ગણવામાં આવે છે. | |
| | (A) ટાઈટલ | (B) નોંધ (કોમેન્ટ) |
| | (C) હાઈપરલીંક | (D) અગત્યનો શબ્દ |
| 29 | હેડર ફાઈલ ઉમેરવા માટે ની વાક્યરચના ______ છે. | |
| | (A) # INCLUDE < FILENAME.C > | (B) #DEFINE <FILENAME.H > |
| | (C) #INCLUDE <FILENAME.H > | (D) #DEFINE< FILENAME.C > |
| 30 | ચાલુ ફકરાનો પ્રથમ અક્ષર Dropped Capital આપવા માટે કયો કમાન્ડ વપરાય છે? | |
| | (A) Word Art | (B) Drawing Toolbar |
| | (C) Drop Cap | (D) Word Wrap |
| 31 | A, B અને C નું સરેરાશ વજન 45 કિલો છે. જો A અને B નું સરેરાશ વજન 40 કિલો અને B અને C 43 કિલો હોય, તો B નું વજન કેટલું હોય? | |
| | (A) 17 | (B) 20 |
| | (C) 26 | (D) 31 |
| 32 | એક વર્ગમાં 16 છોકરાઓનું સરેરાશ વજન 50.25 કિલો છે અને બાકીના 8 છોકરાઓમાં 45.15 કિલો છે. વર્ગના તમામ છોકરાઓની સરેરાશ વજન શોધો. | |
| | (A) 47.55 | (B) 48 |
| | (C) 48.55 | (D) 49.25 |

| | | |
|---|---|---|
| 33 | કેટલા લીટરે એક ઘનમીટર થાય ? | |
| | (A) 10 | (B) 100 |
| | (C) 1000 | (D) 10000 |
| 34 | રૂપિયા 1000 નું 6% લેખે 3 માસનું વ્યાજ શોધો ? | |
| | (A) 20 | (B) 60 |
| | (C) 15 | (D) 17 |
| 35 | એક દાયકામાં નગરની વસતી 1,75,000 થી વધીને 2,62,500 થઈ. દર વર્ષે વસ્તીમાં સરેરાશ ટકા વધારો શોધો. | |
| | (A) 4.37% | (B) 5% |
| | (C) 6% | (D) 8.75% |
| 36 | એક છોકરીએ તેના કાકાના પિતાના દીકરીના પુત્ર તરીકે એક છોકરોની શરૂઆત કરી. છોકરો છોકરીનો શું થાય? | |
| | (A) ભાઈ | (B) પુત્ર |
| | (C) કાકા | (D) જમાઇ |
| 37 | આ શ્રેણી જુઓ: 80, 10, 70, 15, 60, ... આગળ કઈ સંખ્યા આવવી જોઈએ? | |
| | (A) 20 | (B) 25 |
| | (C) 30 | (D) 50 |
| 38 | ચાર અંકોની સૌથી મોટી સંખ્યા શોધો કે જે 15, 25, 40 અને 75 દ્વારા વિભાજીત છે. | |
| | (A) 9000 | (B) 9400 |
| | (C) 9600 | (D) 9800 |
| 39 | રૂપિયા 450 ની મૂળ કિમંત ના બલ્બ પર 12% નફો મેળવવા માટે કેટલા રૂપિયા માં વેચવો જોઈએ? | |
| | (A) 506 | (B) 504 |
| | (C) 604 | (D) 494 |
| 40 | એક માણસ 10 કલાકમાં પ્રવાસ પૂર્ણ કરે છે તે પ્રથમ અર્ધ પ્રવાસ 21 કિ.મી. / કલાકના દરે અને બીજા અડધી મુસાફરી 24 કિ.મી. / કલાકના દરે પૂર્ણ કરે છે.તો તેનો કિમીમાં કુલ પ્રવાસ શોધો. | |
| | (A) 220km | (B) 224km |
| | (C) 230km | (D) 234km |
| 41 | જો દમણ-ગંગા = વલસાડ વિભાગ તો સુર્યનગરી = ? | |
| | (A) મેહસાણા વિભાગ | (B) સુરત વિભાગ |
| | (C) નડિયાદ વિભાગ | (D) અમદાવાદ વિભાગ |
| 42 | એસ ટી માં ક્યા વર્ગના કર્મચારીઓને બોનસ ચૂકવાય છે? | |
| | (A) વર્ગ ૨ | (B) વર્ગ 3 |
| | (C) વર્ગ ૪ | (D) વર્ગ ૫ |

| | |
|---|---|
| 43 | બે મુસાફરો લોકલ બસમાં 3 નં ના સ્ટેજ પર થી બેઠા અને 5 નં ના સ્ટેજ પર ઉતરી ગયા તો તેમણે કુલ કેટલા કિમીની મુસાફરી કરી ગણાય?<br>(A) 24 કિમી (B) 22 કિમી<br>(C) 26 કિમી (D) 28 કિમી |
| 44 | એક વાહનની રજિસ્ટ્રેશન GJ -18 શબ્દો આવે છે તો વાહનનું રજિસ્ટ્રેશન ક્યા શહેરમાં થયેલું હશે ?<br>(A) વડોદરા (B) રાજકોટ<br>(C) ગાંધીનગર (D) સુરત |
| 45 | ત્રણ મુસાફરો કે જેમાં એક સાત વર્ષનું બાળક 3 સ્ટેજની મુસાફરી કરે છે. જો આખી ટિકિટનો 3 સ્ટેજ દીઠ 72 રૂ. ભાડું હોય તો આ ત્રણેય મુસાફરોને ચૂકવવા પાત્ર થતું કુલ ભાડું કેટલું થાય ?<br>(A) 218 રૂપિયા (B) 216 રૂપિયા<br>(C) 182 રૂપિયા (D) 180 રૂપિયા |
| 46 | એક વર્ષના બાળકની ટિકિટ કેટલી ?<br>(A) આખી ટિકિટ (B) અડધી ટિકિટ<br>(C) કોઈ ટિકિટ નહિ (D) ઉપરમાંથી કોઈ નહિ |
| 47 | લોકલ બસમાં ૩ સ્ટેજનું ભાડું રૂપિયા ૧૮ હોય તો ૨ મુસાફરનું ભાડું કેટલું થાય?<br>(A) રૂપિયા ૩૬ (B) રૂપિયા ૪૦<br>(C) રૂપિયા ૩૮ (D) રૂપિયા ૪૨ |
| 48 | ભંગાર બસો માથી એસ ટી નિગમે શું બનાવવાનું આયોજન કર્યું છે?<br>(A) મોબાઇલ સૌચાલય (B) સ્કૂલ બસો<br>(C) અમ્બ્યુલન્સ વાન (D) ઉપરોક્ત બધા |
| 49 | બિનસાથી લગેજ માટેની પરમિટ કેટલા સમયની અપાય છે?<br>(A) સાપ્તાહિક (B) પખવાડિક<br>(C) માસિક (D) વાર્ષિક |
| 50 | ગુજરાત એસ.ટી માં મહિલા કન્ડકટરોની ભરતી ક્યારથી શરૂ કરવામાં આવી?<br>(A) 1910 (B) 1911<br>(C) 2012 (D) 2016 |
| 51 | The weather in terrible _____ December. (Fill in the blank with correct preposition.)<br>(A) in (B) in/on<br>(C) on (D) at |
| 52 | The man, _____ car it is, should pay a parking fine. (Choose the correct relative clause and fill in the blank.)<br>(A) that (B) whom<br>(C) which (D) whose |
| 53 | Choose the sentence with right word order.<br>(A) We don’t often go to the cinema. (B) We often don’t go to the cinema.<br>(C) We don’t go often to the cinema. (D) We don’t go to the cinema often. |
| 54 | You treated him badly _____ he is doing the same to you now. (Fill in the blank with correct connector.)<br>(A) so (B) but<br>(C) if (D) also |

| | |
|---|---|
| 55 | Non – smokers usually live _____ than smokers. (Fill in the blank with correct adjective.)<br>(A) long (B) longest<br>(C) longer (D) less |
| 56 | I was watching T.V. while the kids (to play) _____ in the garden. (Fill in the blank with correct tense.)<br>(A) played (B) were playing<br>(C) was playing (D) have played |
| 57 | _______! You're stepping on my foot. (expressing pain) (Choose the correct interjection to fill in the blank)<br>(A) Ah (B) Ouch<br>(C) Oh (D) Hmmm |
| 58 | "I get up every morning at 7 o'clock." Peter said. (Choose the correct sentence in Reported Speech.)<br>(A) Peter said he got up every morning at 7 o'clock.<br>(B) Peter said I got up every morning at 7 o'clock.<br>(C) Peter said he had got up every morning at 7 o'clock.<br>(D) None of these. |
| 59 | I have _____ money left after shopping. (Fill in the blank with correct determiner.)<br>(A) a little (B) many<br>(C) a few (D) few |
| 60 | Have you ever been to _____ Sicily? (Fill in the blank with correct article.)<br>(A) a (B) the<br>(C) an (D) -- |
| 61 | આપેલ વાક્ય નો છંદ શોધો.<br>'પ્રિયે ! સ્પર્શ કરું શું હું? અધિકાર જરાયે નથી.'<br>(A) પૃથ્વી (B) હરિગીત<br>(C) શિખરિણી (D) અનુષ્ટુપ |
| 62 | 'દક્ષા દૂધ પીએ છે.'નું પ્રેરક વાક્ય બનાવો.<br>(A) દક્ષા દૂધ કોના દ્વારા પીએ છે ? (B) દક્ષા તેની માતાને દૂધ પીવડાવે છે.<br>(C) વાહ ! દક્ષા કેવી સરસ રીતે દૂધ પી જાય છે ! (D) માતા દક્ષાને દૂધ પીવડાવે છે. |
| 63 | 'અનુજ' શબ્દનો યોગ્ય વિરોધી શબ્દ પસંદ કરો.<br>(A) અગ્રજ (B) મોટું<br>(C) પાટવી (D) સહજ |
| 64 | 'તું સાચું બોલ્યો.' કર્મણિમાં ફેરવો.<br>(A) તું સાચું બોલશે. (B) તું સાચું બોલશે જ.<br>(C) તારાથી સાચું બોલાયું. (D) તું સાચું કેમ ન બોલે ? |
| 65 | 'પાણીપંથો' શબ્દનો સમાસ કયો છે તે ઓળખી બતાવો.<br>(A) બહુવ્રીહિ (B) કર્મધારય<br>(C) અવ્યયીભાવ (D) ઉપપદ |

| | |
|---|---|
| 66 | નીચેનામાંથી કયો શબ્દ 'સુધાકર'નો સમાનાર્થી નથી ?<br>(A) શશી (B) ચંદ્ર<br>(C) સોમ (D) દિવાકર |
| 67 | 'કપાળે પરસેવો વળવો' - રૂઢિપ્રયોગનો અર્થ આપો.<br>(A) હાથ મસ્તક પર હોવો (B) કસરત કરવી<br>(C) મહેરબાની કે કૃપા હોવી (D) ખૂબ મહેનત કરવી |
| 68 | 'વડોદરાથી ગાડી ઉપડી' વાક્યમાં 'વડોદરાથી' શબ્દની વિભક્તિ કઈ છે ?<br>(A) અપાદાન - પાંચમી (B) કરણ - ત્રીજી<br>(C) અધિકરણ - સાતમી (D) કર્તા - પહેલી |
| 69 | 'પાકે ઘડે કાંઠા ન ચડે' કહેવતનો અર્થ શોધો.<br>(A) ઘડો કાચો હોય ત્યારે કાંઠો ચડાવવો (B) મોટી ઉંમરે નવું શીખી ન શકાય<br>(C) બે ક્રિયાઓ એકસાથે ન થાય (D) નિર્જન સ્થળે જાહેરાતનો શું અર્થ |
| 70 | આપેલ વાક્ય નો અલંકાર શોધો.<br>'જેનામાં વૃક્ષપ્રીતિ નથી, એનામાં જાણે કે જીવનપ્રીતિ જ નથી.'<br>(A) ઉત્પ્રેક્ષા B) સજીવારોપણ<br>(C) ઉપમા (D) યમક |
| 71 | ગુજરાત યુનિ.ની પ્રથમ શરૂઆત અમદાવાદ ખાતે ક્યારે થઇ?<br>(A) ઈ.સ. 1949 (B) ઈ.સ. 1950<br>(C) ઈ.સ. 1951 (D) ઈ.સ. 1952 |
| 72 | ગુજરાત ના ક્યા ગામની તુવેરદાળ જાણીતી છે?<br>(A) વાસદ (B) આણંદ<br>(C) દાહોદ (D) વડોદરા |
| 73 | દર વર્ષે અસ્મિતા પર્વની ઉજવણી ગુજરાત ના ક્યા કથાકાર દ્વારા થાય છે?<br>(A) શ્રી શ્રી રવિ શંકર (B) પૂજ્ય રવીન્દ્ર શાસ્ત્રી<br>(C) પૂજ્ય મોરારીબાપુ (D) પૂજ્ય રમેશભાઈ ઓઝા |
| 74 | દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટિનું વડુ મથક ક્યાં આવેલું છે?<br>(A) સુરત (B) અમદાવાદ<br>(C) રાજકોટ (D) ગાંધીનગર |
| 75 | 2016 નો કબ્બડી વર્લ્ડ કપ કયા શહેરમાં થયો?<br>(A) અમદાવાદ (B) સુરત<br>(C) રાજકોટ (D) બરોડા |
| 76 | અમદાવાદ ની ટંકશાળ કયા મોગલ બાદશાહે બાંધી હતી?<br>(A) અહેમદ શાહ (B) અકબરે<br>(C) શહજહાં (D) ઔરંગજેબ |

| | |
|---|---|
| 77 | ડીઝલ એન્જિન બનાવવાનો ઉધ્યોગ ક્યાં વિકસ્યો છે?<br>(A) ડીસા (B) રાજકોટ<br>(C) અમરેલી (D) રાધનપુર |
| 78 | ગુજરાત ક્યા ખનીજના ક્ષેત્ર માં અગ્રસ્થાને છે?<br>(A) તાંબુ (B) સોંડાએશ<br>(C) લોખંડ (D) કોલસો |
| 79 | સિદ્ધરાજ જયસિંહ કયા વંશનો રાજા હતો?<br>(A) સોલંકી વંશ (B) મોગલ વંશ<br>(C) મરાઠા વંશ (D) કલગી |
| 80 | ગુજરાત વિધ્યાપીઠ ની સ્થાપના કોણે કરી હતી?<br>(A) સરદાર વલ્લભભાઈ પટેલ (B) ગાંધીજી<br>(C) મોરારજી દેસાઇ (D) નિરંજન દેસાઇ |
| 81 | ડોલોમાઈટ ગુજરાત માં ક્યા સ્થળે થી મળી આવે છે?<br>(A) પાનન્ધ્રો (B) ગોધરા<br>(C) છોટા ઉદેપુર (D) લુણાવાડા |
| 82 | ગુજરાતનાં પ્રથમ વણિક મુખ્યમંત્રી કોણ છે?<br>(A) વિજયભાઈ રૂપાણી (B) આનંદીબેન પટેલ<br>(C) નરેન્દ્ર મોદી (D) ચીમનભાઈ પટેલ |
| 83 | જૈન ધર્મના પ્રથમ તીર્થંકર કોણ હતા?<br>(A) મહાવીર સ્વામિ (B) ચાંગદેવ<br>(C) ઋષભ દેવ (D) સંભવ દેવ |
| 84 | ભારતીય અર્થતંત્રની મૂળભૂત લાક્ષણિકતા કઈ છે?<br>(A) અવિકસિત (B) વિકાસહીન<br>(C) વિકસિત (D) વિકાસશીલ |
| 85 | જમનલાલ બજાજ પુરસ્કાર કયા ક્ષેત્રે આપે છે?<br>(A) સમાજસેવા (B) વિજ્ઞાન<br>(C) શાંતિ (D) રમત ગમત |
| 86 | ભારત દેશના સૌપ્રથમ ગુજરાતી વડાપ્રધાન કોણ હતા?<br>(A) નરેન્દ્ર મોદી (B) શંકરસિંહ વાઘેલા<br>(C) મોરારજી દેસાઇ (D) સરદાર વલ્લભભાઇ |
| 87 | ભારતમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ સૌથી વધુ ક્યા રાજયમાં છે?<br>(A) ગુજરાત (B) રાજસ્થાન<br>(C) ગોવા (D) કેરલ |
| 88 | બરોડા ડેરી ક્યાં આવેલી છે?<br>(A) સુરત (B) વડોદરા<br>(C) અમદાવાદ (D) રાજકોટ |

| | |
|---|---|
| 89 | સરદાર વલ્લભભાઈ પટેલ એરોડ્રામ ક્યાં આવેલું છે ?<br>(A) વડોદરા (B) કેશોદ<br>(C) ભુજ (D) અમદાવાદ |
| 90 | ગુજરાતનું એકમાત્ર ગિરિમથક સાપુતારા ના કયા જીલ્લામાં આવેલું છે?<br>(A) નવસારી (B) વલસાડ<br>(C) ડાંગ (D) ભરુચ |
| 91 | જમ્મુ કાશ્મીર માં રાજ્ય ભાષા કઈ છે ?<br>(A) ઉર્દુ (B) કાશ્મીરી<br>(C) હિન્દી (D) પર્શિયન |
| 92 | ધોરાજી કઈ નદી ના કિનારે આવેલું છે?<br>(A) ભાદર (B) આજી<br>(C) તાપી (D) નર્મદા |
| 93 | સૂકો બરફ (Dry Ice)કયા નામે ઓળખાય છે ?<br>(A) આઈસોકસાઇડ (B) ડિસ્ટિલ વોટર<br>(C) સલ્ફર ડાયોક્સાઇડ (D) સોલિડ કાર્બન ડાયોક્સાઇડ |
| 94 | ગુજરાતમાં સૌપ્રથમ પવન ઉર્જા પ્રોજેકટ ક્યા સ્થાપ્યો હતો?<br>(A) લાંભા (B) જામનગર<br>(C) વેરાવળ (D) માંડવી |
| 95 | ભારતીય જનતા પાર્ટી ના પ્રમુખ તરીકે કયા ગુજરાતી સુકાન નિભાવી રહ્યા છે?<br>(A) પુરષોતમ રૂપાલા (B) અમિત શાહ<br>(C) વિજય રૂપાણી (D) નરેન્દ્ર મોદી |
| 96 | કઇ સાલ માં ગુજરાતમાં છપ્પનિઓ દુકાળ પડ્યો હતો?<br>(A) ઇ. સ. 1900 (B) ઇ. સ. 1956<br>(C) ઇ. સ. 1922 (D) ઇ. સ. 1930 |
| 97 | ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ કયો છે?<br>(A) 1 મે (B) 1 જૂન<br>(C) 1 જુલાઈ (D) 1 ઓગસ્ટ |
| 98 | 5, જૂન ના રોજ GIFT ખાતે કયા સ્ટોક એક્સ્ચેંજ દ્વારા પોતાના ઇન્ટરનેશનલ સ્ટોક એક્સ્ચેંજ ની શરૂઆત કરવામાં આવી?<br>(A) NSE (B) BSE<br>(C) OTC (D) DAC |
| 99 | નીચેનામાંથી કયો ડુંગર કચ્છમાં આવેલો છે?<br>(A) બરડો (B) ગીર<br>(C) ચોટીલો (D) ભુજીયો |
| 100 | ગુજરાત માં મરાઠાઓ ની સત્તા કયા શહેરમાં હતી?<br>(A) સુરત (B) વડોદરા<br>(C) ભરુચ (D) અમદાવાદ |